એન.એસ.એસ. પ્રિ. પરેડ કેમ્પ અંતર્ગત ગઈકાલે સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઓલ ઈન્ડીયા કોલેજ પ્રિન્સિપાલ એશો.ના પ્રમુખ અને એચ.કે. કોલેજ અમદાવાદનાં આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ હાજર રહ્યા હતા. જેમણે વિવિધ પ્રાંતોથી આવેલ વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

મોડી રાત્રે ઈન્દ્રોડા સર્કલ નજીક ટ્રાફિક પોલીસનો સપાટો

૩ કલાકમાં જ વાહનચાલકો પાસેથી ૩. ૩૨ હજારથી વધુનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના પ્રવેશ દ્વાર સમા ચ-૦ ઈન્દ્રોડા સર્કલ નજીક આજે ગાંધીનગર ટ્રાફિક પોલીસે ભારે સપાટો બોલાવ્યો હતો અને ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનાર વાહન ચાલકો સામે લાલ આંખ કરી માત્ર ૩ કલાકના જ ટૂંકા ગાળામાં કુલ ૫૬૩ વાહન ચાલકોને મેમા આપી રૂ. ૩૨ હજારથી વધુનો દંડ વસૂલ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના ચ-૦ ઈન્દ્રોડા સર્કલ નજીક આજે ૯ થી ૧૨ના ગાળામાં ગાંધીનગર પોલીસે ટ્રાફિક ડ્રાઈવ કરી હતી અને આશરે ૩ કલાક ચાલેલા આ ડ્રાઈવમાં લાયસન્સ વગર બાઈક લઈ ફરતા ૧૧ બાઈક ડીટેઈન કર્યા હતા જયારે કાળી ફિલ્મ પટ્ટી લગાવેલી ૩૨ કારના ચાલકો સામે દંડ, ૭૦ જેટલા સીટ બેલ્ટ ન પહેરેલ તેમજ ૪૭૫ હેલ્મેટ ન પહેરેલ ઉપરાંત ૧૮ અન્ય મેમા મળી કુલ ૫૬૩ વાહન ચાલકોને સ્થળ પર જ મેમા આપી રૂ. ૩૨,૫૨૫નો દંડ વસુલ કર્યો હતો. પોલીસ એક રાતમાં ભારે સપાટો બોલાવતા વાહનચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

ચિલોડા વિસ્તારના ખેડૂતોએ ૭૦૦ મણ ઘઉંના બિયારણની ખરીદી કરતાં બિયારણનો સપાટો બોલાવી દીધો

ચિલોડા, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં શિયાળુ ખેતીમાં ખેડૂતો વધુ રસ દાખવી રહ્યા છે. જેમાં રવિ સિઝનમાં ઘઉં અને બટાકાના વાવેતર કરવા વધુ તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. જયારે આધુનિક ખેતી કરવામાં જાગૃત અને પ્રગતિશીલ ખેડૂતો દ્વારા સર્ટીફાઈડ બિયારણ ખરીદી વધુ ઉત્પાદન મેળવવા જાગૃતિ કેળવી રહ્યા છે. પરિણામે ચિલોડા વિસ્તારમાં સૌથી વધુ બિયારણ, જંતુનાશક દવા તથા રાસાયણિક ખાતરોનું વેચાણ કરવા વિક્રેતાઓની દુકાનો ધમધમી રહી છે. જયારે ચિલોડા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો ચિલોડા ખાતે ખરીદી કરવાનો વધુ આગ્રહ સેવી રહ્યા છે. ત્યારે સહકારી મંડળીઓ દ્વારા સર્ટીફાઈડ ઘઉંના બિયારણનો જથ્થો લાવી ખેડૂતોને સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરી રહ્યા છે.

જેમાં ચિલોડા પંથકની મંડળી દ્વારા હમણાં ઘઉંના જથ્થામાં સૌથી વધુ જી. ડબલ્યુ ૪૯૬ તથા ૧૭૩ ઘઉંની જાતનું બિયારણમાં ૩૫૦ કટા સાથે ૭૦૦ મણ ઘઉંનું બિયારણ ટુંક સમયમાં વેચાણ થઈ ગયું હતું. આમ હાલમાં ૨૦ કિલો ઘઉંનો ભાવ રૂ. ૧૦૦૦ લેખે મોંઘુ દાટ બિયારણ ખરીદવા ખેડૂતો મજબૂર બન્યા હતાં. હજુ વધુ બિયારણનો જથ્થો આવી તેવી ખેડૂતોની માંગ પ્રવર્તી રહી છે. આમ ખેડૂતો રવી સિઝનમાં ઘઉંનું વાવેતર કરવા વધુ રસ દાખવતાં ટૂંક સમયમાં નવેમ્બરના અંતમાં ઘઉંના વાવેતરનો આરંભ થશે તેવું ખેડૂતો જણાવી રહ્યા છે.

ઘ-૩ સર્કલ પાસેથી દારૂના નશામાં ચકચૂર કાર ચાલક ઝડપાયો

દારૂડીયા કાર ચાલકને સકંજામાં લેવા પોલીસે ફિલ્મીઢબે પીછો કર્યો : ઘ-૩ અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા. ૧૧

મોડી સાંજે શહેરના માર્ગો પર ચિક્કાર દારૂ ઢીંચી બેફામ બનેલ દારૂડીયા વાહનચાલકે બેફામ ગતિએ મારૂતિ કાર દોડાવી હતી અને ભયજનક રીતે વાહન ચલાવતા પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કર્યો હતો અને કારને ઘ-૩ સર્કલ જોડે અકસ્માત નડતા પોલીસે દારૂડીયા કારચાલકને ઝડપી પાડ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ ગત રોજ મોડી સાંજે ગાંધીનગર શહેરના સે. ૭-બી ખાતે રહેતો ભરત ચાવડા ચિક્કાર દારૂ ઢીંચી પોતાની મારૂતિ કાર બેફામ રીતે હંકારતો હતો અને માર્ગમાં બેફામ રીતે કાર દોડાવતા પોલીસે પણ તેનો પીછો કર્યો હતો. પરંતુ પોલીસની વાન પાછળ આવતી હોવાથી દારૂડીયા કારચાલકે પોતાની મારૂતિ કાર પોલીસની બીકે બેફામ રીતે અતિ ઝડપે દોડાવી હતી. પરિણામે પોલીસે પણ તેનો ફિલ્મીઢબે પીછો કર્યો હતો. દરમિયાન ઘ-૩ પથિકાશ્રમ સર્કલ નજીક દારૂડીયા કાર ચાલકની કાર ડીવાઈડર સાથે અથડાતા અકસ્માત થયો હતો. પરિણામે પોલીસે દારૂડીયા કારચાલકને ઝડપી પાડ્યો હતો અને તેની સામે ભયજનક રીતે વાહન ચલાવવા બદલ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કોલવડા ગામે ખેતરમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ક-૭ થી રાંધેજા-માણસા તરફના માર્ગ પર કોલવડા ગામની સીમમાં આવેલ એક ખેતરમાંથી આજે આશરે ૪૫ વર્ષની ઉંમરના અજાણયા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધી તેના વાલીવારસોની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગરથી રાંધેજા તરફ જતા માર્ગ પર સુરજ બીકસ નજીક એક ઈંટોનો ભઠ્ઠો આવેલ છે જેની ઘનશ્યામસિંહ વાઘેલાના ખેતરમાં આશરે ૪૫ વર્ષીય ઉંમર ધરાવતા એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. જે શરીરે પાતળા બાંધાનો ઉંચાઈ ૫.૪ ફુટ, મોઢું લંબગોળ, રંગે શ્યામવર્ણો શરીરે લાલ કરનો શર્ટ, માથે કાળા વાળ અને લાંબી દાઢી ધરાવે છે. પેથાપુર પોલીસે મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

વિધાનસભામાં પંડિત જવાહરલાલ નહેરુના તૈલચિત્રને પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિદ્યાનસભા વિઠ્ઠલભાઈ પટેલ ભવન ખાતે પં. જવાહરલાલ નહેરુના તૈલચિત્રને તા. ૧૪ નવેમ્બર ગુરૂવાર સવારે ૧૧.૦૦ કલાકે પુષ્પાંજલિ આપવામાં આવશે. જેમા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

કોલવડાની પરિણીતાના આત્મહત્યા કેસમાં સાસુ અને જેઠાણીની પણ ધરપકડ કરાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના કોલવડા ગામે રહેતી એક પરિણીતાએ ગત ૩૦મી ઓક્ટોબરના રોજ પોતાના જ શરીરે કેરોસીન છાંટી સળગી જઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં પરિણીતાનું સારવાર દરમિયાન કરૂણ મોત થવા પામ્યું હતું. જે સંદર્ભે મૃતક પરિણીતાના પિતાની ફરિયાદના આધારે પેથાપુર પોલીસ પરિણીતાના પતિ અને જેઠની ધરપકડ બાદ આજે સાસુ અને જેઠાણીની પણ આજે ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગરના કોલવડા ગામે વીસ ઘરવાળા વાસમાં રહેતા બિનલબા ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ ગત તા. ૩૦મી ઓક્ટોબરના રોજ સવારે ૧૦ કલાકની આસપાસ પોતાના ઘરે એકલતાનો લાભ લઈ શરીરે કેરોસીન છાંટીને સળગી જઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં બિનલબા ગંભીર રીતે દાઝી જતા સારવાર દરમિયાન તેણીનું મોત થયું હતું. આ સંદર્ભે મૃતકના પિતા જશુજી હાથીજી ડાભીએ પેથાપુર પોલીસમથકે જમાઈ ભૂપેન્દ્ર નટવરસિંહ વાઘેલા, સાસુ જશીબા નટવરસિંહ વાઘેલા, જેઠ દશરથસિંહ વાઘેલા તથા જેઠાણી રમીલાબા સામે પોલીસ ફરીયાદ નોધાવી હતી. જેની ફરિયાદ અનુસાર પેથાપુર પોલીસમથકના પી.એસ. આઈ. એસ.જે. વાઘેલાએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તમામ આરોપીઓની ધરપકડ કરી હતી.

નોકરી-ધંધાના સ્થળે વતનથી પરત થવા લોકોનો ભારે ઘસારો

એસ.ટી., રેલવે અને ખાનગી વાહનો મુસાફરોથી ચિક્કાર બન્યા, માર્ગો ઉપર વાહનોની લાંબી લાઈનો

ગાંધીનગર, તા. ૧૧

દિપાવલીના મહત્વના તહેવારને વતનમાં ઉજવ્યા પછી સોમવારથી નોકરી-ધંધા રાબેતા મુજબ શરૂ કરવા સૌ કોઈએ રવિવારથી તૈયારીઓ આરંભી દીધી હતી. જેમાં વતનથી નોકરી ધંધાના સ્થળે પરત જવા રાજયના તમામ સ્થળોએ લોકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. એસ.ટી., રેલવે અને ખાનગી વાહનો મુસાફરોથી ચિક્કાર બન્યા હતા. તો માર્ગો ઉપર વાહનોની હારમાળા સર્જાઈ હતી. રવિવાર સમી સાંજે અમદાવાદ-ગાંધીનગરના તમામ માર્ગો વાહનોની લાંબી લાઈનો સાથે ટ્રાફીકથી ભરચક બન્યા હતા.

ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સૂરત, રાજકોટ તથા રાજયના અન્ય શહેરોમાં નોકરી-ધંધા અર્થે આવેલા લોકો દિપાવલી પર્વ મનાવવા પોત-પોતાના વતને ગયેલા હતા. આ લોકો દિપાવલીના પર્વને મનાવી પોતાના પરિવાર સહિત રવિવાર બપોર પછી નોકરી-ધંધાના સ્થળે આવવા નિકળી પડ્યા હતા. રાજયના મહત્વના શહેરોમાં આવવા જે વાહન મળે તેમાં મુસાફરી કરી યથાવત સ્થળે પહોંચવા તલપાપડ બન્યા હતા. જેમાં રવિવારના રોજ બપોર પછી જાહેર અને ખાનગી વાહનો મુસાફરોથી ચિક્કાર બની માર્ગો ઉપર જોવા મળી રહ્યા હતા. તો પોતાના ખાનગી વાહનોને લઈને નીકળનાર લોકોની સંખ્યા પણ વધુ હોવાનું માર્ગો ઉપર જણાતું હતું.

ગાંધીનગરમાં સચિવાલય તેમજ અન્ય સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ, અમદાવાદમાં આવેલી સરકારી કચેરીઓ, ન્યાયલયો તેમજ ધંધા અને વ્યવસાય સોમવારથી રાબેતા મુજબ શરૂ કરી દેવાની ગણતરીથી પોતાના વતનથી લોકો રવિવારે પરત ફરી રહ્યા છે. જેથી ગાંધીનગર અને અમદાવાદના તમામ માર્ગો ઉપર મુસાફરો અને વાહનોની આવન-જાવન વધુ તેજ જોવા મળી હતી. માર્ગો ઉપર વાહનોની લાંબી લાઈનો અને બસ સ્ટોપ ઉપર મુસાફરોનો મહેરામણ યથાસ્થાને પહોંચવા થનગની રહ્યો હતો. જેને કારણે રવિવારે રાજયના તમામ માર્ગો ટ્રાફીકથી ભરપૂર બન્યા હતા. અને અમદાવાદ, કલોલ, છત્રાલ, મહેસાણા, અડાલજ, ચિલોડા, દહેગામ વગેરે સ્થળોએ ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હતી. સોમવારથી રાબેતા મુજબ કાર્યપદ્ધતિ શરૂ થતાં શહેરોમાં પણ ધમધમાટ વધી જશે.

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા નવ વર્ષ નિમિત્તે સ્નેહ-મિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૧

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા તા. ૯મી નવેમ્બરના રોજ ટાઉનહોલ ખાતે મહાનગરના કાર્યકરો માટેનો સ્નેહ-મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ટાઉનહોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સ્નેહ-મિલન ઉપરાંત એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરના દરેક સમાજના કુલ ૧૩૦૦ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ટાઉનહોલમાં પ્રદેશના સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ તમામ ઉપસ્થિત કાર્યકર મીત્રોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. તેમણે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કાર્યકરોને આવનારી આગામી લોકસભાની ચૂંટણી માટે તૈયાર રહેવાની હાંકલ કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રભારી શ્રીમતી રમીલાબેન બારા, ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર દક્ષીણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ધારાસભ્ય શ્રી પુનમભાઈ મકવાણા, વિપક્ષ નેતા શ્રી મનુભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન શ્રી આશીષ દવે, એસ.ટી. નિગમના સભ્ય શ્રી ભગવાનદાસ પંચાલ તથા ગાંધીનગર મહાનગરના પ્રમુખ શ્રી નિતિનભાઈ પટેલે ઉપસ્થિત કાર્યકરોને નવા વર્ષની શુભક્રામના પાઠવવા સાથે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવવા માટેની મહેનત આજથી શરૂ કરવાની પ્રેરણા આપી હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રી શાહબુદ્ધિન રાઠોડ તથા લોકકવિ શ્રી ભીખુદાન ગઢવી દ્વારા ઉપસ્થિત લોકોને હાસ્ય સાથે ગુજરાતી લોક ગીતો દ્વારા મનોરંજન પુરૂ પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઉપાધ્યક્ષ શ્રી રણછોડભાઈ રથવીએ કર્યું હતું. આભારવિધિ ઉપાધ્યક્ષ શ્રી બીપીનભાઈ રાવલે કરી હતી. કાર્યક્રમના અંતે સ્વરૂચી ભોજન બાદ કાર્યકરો છૂટા પડ્યા હતા.

શિહોલી મોટી ગામેથી ૨૩ વર્ષીય યુવતી કહ્યા વિના ઘરેથી ચાલી ગઈ

ચિલોડા, તા.૧૧

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી યુવતીઓ ગુમ થયાના કિસ્સાઓનું પ્રમાણ વધતાં ચિંતાનજક બાબત બની છે. જેમાં શિહોલી મોટી ગામેથી મીનાબેન પંચાલ ઘરેથી કોઈને કહ્યા વિના ચાલ્યા ગયા અંગેની જાણવા જોગ અરજી ચિલોડા પોલિસ સ્ટેશનમાં યુવતીના પિતાએ આપી છે. શિહોલી મોટી ગામના મનુભાઈ જયંતભાઈ પંચાલ આલમપુર રોડ પર રહે છે. તેની દીકરી નામે મીનાબેન જયંતિભાઈ તા. ૭મી નવેમ્બરના રોજ ઘરેથી સાંજના સુમારે ક્યાંક ચાલ્યા ગયા છે. સદર યુવતી શરીરે પાતળા બાંધાની, ઘઉં વર્ણ તથા મોઢું લંબગોળ, આંખ અને વાળનો કલર કાળો ધરાવે છે. તે ગુજરાતી હિન્દી ભાષા જાણે છે. કાળા કલરનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. યુવતી ગુમ થયા અંગે તેના પિતાએ જાણવા જોગ અરજી આપતાં પી.એસ. આઈ. એમ.સી. ગોહિલ તપાસ ચલાવી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૬૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૧૦.૧૫,૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :
સત્યા-૨ : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૫
ક્રિશ -૩ : ૧૨.૦૦, ૬.૨૦

: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
ક્રિશ -૩ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સત્યા -૨ : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૪૫
સત્યા-૨ : ૭.૧૫, ૧૦.૧૫

ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે.

વૃષભ : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

મિથુન : મનોકૂળ કાર્ય થઈ શકશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ -સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

કન્યા : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

તુલા : કુટુંબમાં માંગલિક કાર્ય થશે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : આર્થિક સ્રોતોથી લાભ પ્રાપ્ત થશે. રાજકીય સ્રોતોથી ધન પ્રાપ્તિ થવાની સંભાવના છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : મનોરંજન કલા આમોદ-પ્રમોદના કાર્યોમાં રૂચિ વધશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો.

મીન : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. અરવિંદભાઈ નટવરલાલ ઉપાધ્યાય (ઉ.વ. ૭૨) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ધૂળીબેન જીવણજી ખાંટ (ઉ.વ. ૧૦૫) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. તખીબેન સનાજી ઠાકોર (ઉ.વ. ૬૨) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભલીબેન મંગાભાઈ દંતાણી (ઉ.વ. ૯૦) સેકટર-૧ ઉના કાચા છાપરાં, ગાંધીનગર.